ક્રમાંક/FRC/૨૦૨૪/3605-09
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
જિલ્લા શિક્ષણાધિકારીની સામે,
અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ, વડોદરા.
તા. ૨/૧૨/૨૦૨૪

# ફી નિયમન સમિતિ – વડોદરા વિભાગ, વડોદરા.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,અનાવિલ ભવનની સામે, કારેલીબાગ,વડોદરા.
Ph.0265-2488487 E.mail add:- frcvadodara@gmail.com

U-Dise- 24150 104713

આણંદ દરખાસ્ત નં.AN-૨૯/૨૦૨૪-૨૫.

E-mail : vandcpatelenglishschool@gmail.com

તા.૨૯-૧૧-૨૦૨૪.

અરજદાર શાળા :- વાસંતીબેન એન્ડ ચંદુભાઇ પટેલ ઇંગ્લીશ સ્કૂલ (CBSE) (અંગ્રેજી માધ્યમ), ભાઇકાકા સ્ટેચ્યુ પાસે, એ.વી. રોડ, વલ્લભ વિદ્યાનગર, જી.આણંદ-૩૮૮૧૨૦.

વિષય :- સને-૨૦૨૪-૨૫ થી સને-૨૦૨૬-૨૭ પ્રિ.પ્રાયમરી થી ઉચ્ચતર માધ્યમિક જનરલ અને સાયન્સની ફી વધારા માટેની દરખાસ્ત.

અનુસંધાન :-

(૧) ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭.

(૨) ગુજરાત સ્વનિર્ભર શાળા (રેગ્યુલેશન ઓફ ફીઝ) નિયમો, ૨૦૧૭.

## -:: વચગાળાનો હુકમ ::-

(૧) અરજદાર શાળાએ ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને ૨૦૧૭ અને તે અંતર્ગત ગુજરાત સ્વનિભર શાળા ફી નિયમન (નિયમો) સને-૨૦૧૭ ના નિયમ-૬ અન્વયે ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ પોતાની દરખાસ્ત રજુ કરી છે. જે દરખાસ્ત તેઓએ સને ૨૦૨૪-૨૫ થી સને ૨૦૨૬-૨૭ના ૩ વર્ષની ફી નક્કી કરવા માટે જણાવવામાં આવ્યું છે. જેમાં અરજદાર શાળા ધ્વારા નીચે પ્રમાણેની સૂચિત ફીની માગણી કરવામાં આવી છે. :-

| અ. નં. | ધોરણ | માધ્યમ | બોર્ડ | અરજદાર શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા. | અરજદાર શાળાની સૂચિત ફીની માંગણી |
|---|---|---|---|---|---|
| | | | | સને ૨૦૨૪-૨૫. | સને ૨૦૨૪-૨૫. |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| (૧) | નર્સરી | અંગ્રેજી | CBSE | ૪૮ | રૂા.૨૪,૨૦૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | CBSE | ૬૫ | રૂા.૩૩,૧૦૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | CBSE | ૬૫ | રૂા.૩૩,૧૦૦/- |
| (૪) | ૧ | અંગ્રેજી | CBSE | ૧૨૦ | રૂા.૪૭,૧૦૦/- |
| (૫) | ૨ | અંગ્રેજી | CBSE | ૧૧૮ | રૂા.૪૭,૧૦૦/- |
| (૬) | ૩ | અંગ્રેજી | CBSE | ૧૨૦ | રૂા.૫૩,૪૦૦/- |
| (૭) | ૪ | અંગ્રેજી | CBSE | ૧૨૦ | રૂા.૫૩,૪૦૦/- |
| (૮) | ૫ | અંગ્રેજી | CBSE | ૧૧૭ | રૂા.૫૩,૪૦૦/- |
| (૯) | ૬ | અંગ્રેજી | CBSE | ૧૧૯ | રૂા.૫૩,૪૦૦/- |
| (૧૦) | ૭ | અંગ્રેજી | CBSE | ૧૧૩ | રૂા.૫૩,૪૦૦/- |
| (૧૧) | ૮ | અંગ્રેજી | CBSE | ૧૧૪ | રૂા.૫૩,૪૦૦/- |
| (૧૨) | ૯ | અંગ્રેજી | CBSE | ૧૨૦ | રૂા.૫૪,૭૦૦/- |
| (૧૩) | ૧૦ | અંગ્રેજી | CBSE | ૧૨૦ | રૂા.૫૪,૭૦૦/- |
| (૧૪) | ૧૧ જનરલ | અંગ્રેજી | CBSE | ૬૯ | રૂા.૬૦,૩૦૦/- |

ફી નિયમન સમિતિ, વડોદરા ઝોન, વડોદરા

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧૫) | ૧૨ જનરલ | અંગ્રેજી | CBSE | ૬૯ | રૂા.૬૦,૩૦૦/- |
| (૧૬) | ૧૧ સાયન્સ | અંગ્રેજી | CBSE | ૫૫ | રૂા.૬૨,૩૦૦/- |
| (૧૭) | ૧૨ સાયન્સ | અંગ્રેજી | CBSE | ૫૫ | રૂા.૬૨,૩૦૦/- |
| | | | કુલ વિદ્યાર્થી... | ૧૬૦૭ | |

(૨) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ થી સને ૨૦૨૩-૨૪ના વર્ષ માટે દરખાસ્ત નં.AN-૪૪/૨૦૨૩-૨૪ દાખલ કરી હતી. જે તા.૧૮-૦૬-૨૦૨૨ના રોજ હુકમ કરવામાં આવેલ છે. વધુમાં શાળાએ સને ૨૦૨૪-૨૫ થી સને ૨૦૨૬-૨૭ના વર્ષ માટેની હાલની દરખાસ્ત દાખલ કરી છે.

(૩) આજ રોજ ફી નિયમન સમિતિ દ્વારા શાળા દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત, રજૂ રાખેલ દસ્તાવેજો જોતા શાળાએ સને ૨૦૨૨-૨૩ અને સને ૨૦૨૩-૨૪ના ઓડીટેડ હિસાબો રજૂ કરેલ છે. શાળાએ રજૂ કરેલ હિસાબોની ચકાસણી કરતા શાળાએ કુલ આવક રૂ.૮,૫૫,૧૮,૧૩૬/- દર્શાવેલ છે. અને કુલ ખર્ચ રૂ.૮,૫૭,૯૦,૩૬૫/- દર્શાવેલ છે. અને શાળાના હિસાબોમાં રૂ.૨,૭૨,૨૨૯/-ની ખોટ દર્શાવેલ છે. શાળા રજૂ કરેલ પત્રક ધ્યાને લેતા શાળાએ સને ૨૦૨૩-૨૪માં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૭૩ દર્શાવેલ છે. તથા સને ૨૦૨૪-૨૫માં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૬૦૭ દર્શાવેલ છે. આ કામે શાળાએ રજૂ કરેલ આવક ખર્ચના હિસાબો પૈકી માન્ય ખર્ચ, વિદ્યાર્થીઓની સંખ્યા તથા અગાઉ કરવામાં આવેલ હુકમો તેમજ દરખાસ્ત સાથે રજૂ કરવામાં આવેલ પેપર્સ ધ્યાને લેતા ફી નિયમન સમિતિ દ્વારા ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લઇ નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

| અ. નં. | ધોરણ | માધ્યમ | ફી નિયમન સમિતિ દ્વારા સને ૨૦૨૩-૨૪માં નક્કી કરેલ ફી. | વિદ્યાર્થીની સંખ્યા | સૂચિત ફીની માંગણી | ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરેલ ફી. |
|---|---|---|---|---|---|---|
| | | | | ૨૦૨૪-૨૫. | ૨૦૨૪-૨૫. | ૨૦૨૪-૨૫. |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| (૧) | નર્સરી | અંગ્રેજી | - | ૪૮ | રૂા.૨૪,૨૦૦/- | રૂા.૨૪,૨૦૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | રૂા.૨૮,૬૬૫/- | ૬૫ | રૂા.૩૩,૧૦૦/- | રૂા.૩૦,૦૦૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | રૂા.૨૮,૬૬૫/- | ૬૫ | રૂા.૩૩,૧૦૦/- | રૂા.૩૦,૦૦૦/- |
| (૪) | ૧ | અંગ્રેજી | રૂા.૪૦,૭૯૩/- | ૧૨૦ | રૂા.૪૭,૧૦૦/- | રૂા.૪૨,૮૦૦/- |
| (૫) | ૨ | અંગ્રેજી | રૂા.૪૦,૭૯૩/- | ૧૧૮ | રૂા.૪૭,૧૦૦/- | રૂા.૪૨,૮૦૦/- |
| (૬) | ૩ | અંગ્રેજી | રૂા.૪૬,૩૦૫/- | ૧૨૦ | રૂા.૫૩,૪૦૦/- | રૂા.૪૮,૬૦૦/- |
| (૭) | ૪ | અંગ્રેજી | રૂા.૪૬,૩૦૫/- | ૧૨૦ | રૂા.૫૩,૪૦૦/- | રૂા.૪૮,૬૦૦/- |
| (૮) | ૫ | અંગ્રેજી | રૂા.૪૬,૩૦૫/- | ૧૧૭ | રૂા.૫૩,૪૦૦/- | રૂા.૪૮,૬૦૦/- |
| (૯) | ૬ | અંગ્રેજી | રૂા.૪૬,૩૦૫/- | ૧૧૯ | રૂા.૫૩,૪૦૦/- | રૂા.૪૮,૬૦૦/- |
| (૧૦) | ૭ | અંગ્રેજી | રૂા.૪૬,૩૦૫/- | ૧૧૩ | રૂા.૫૩,૪૦૦/- | રૂા.૪૮,૬૦૦/- |
| (૧૧) | ૮ | અંગ્રેજી | રૂા.૪૬,૩૦૫/- | ૧૧૪ | રૂા.૫૩,૪૦૦/- | રૂા.૪૮,૬૦૦/- |

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૧૨) | ૯ | અંગ્રેજી | રૂા.૪૭,૪૦૮/- | ૧૨૦ | રૂા.૫૪,૭૦૦/- | રૂા.૪૮,૯૦૦/- |
| (૧૩) | ૧૦ | અંગ્રેજી | રૂા.૪૭,૪૦૮/- | ૧૨૦ | રૂા.૫૪,૭૦૦/- | રૂા.૪૮,૯૦૦/- |
| (૧૪) | ૧૧ જનરલ | અંગ્રેજી | રૂા.૫૨,૩૬૯/- | ૬૯ | રૂા.૬૦,૩૦૦/- | રૂા.૫૪,૦૦૦/- |
| (૧૫) | ૧૨ જનરલ | અંગ્રેજી | રૂા.૫૨,૩૬૯/- | ૬૯ | રૂા.૬૦,૩૦૦/- | રૂા.૫૪,૦૦૦/- |
| (૧૬) | ૧૧ સાયન્સ | અંગ્રેજી | રૂા.૫૪,૦૨૩/- | ૫૫ | રૂા.૬૨,૩૦૦/- | રૂા.૫૫,૬૦૦/- |
| (૧૭) | ૧૨ સાયન્સ | અંગ્રેજી | રૂા.૫૪,૦૨૩/- | ૫૫ | રૂા.૬૨,૩૦૦/- | રૂા.૫૫,૬૦૦/- |

<u>શરતો</u> :-

૧) સને ૨૦૨૪-૨૫ની નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭ ની કલમ-૨ (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.

૨) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં વૈકલ્પિક ફીની રકમ નક્કી કરવામાં આવેલી ફી કરતાં અલગથી વસુલ કરી શકશે અને તેમાં વિદ્યાર્થીના વાલીની તે પ્રવૃત્તિ માટે સંમતિ લેવાની રહેશે.

૩) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ની શૈક્ષણિક ફી માસિક તેમજ ત્રિમાસિક ધોરણે વસુલ કરી શકશે.

૪) કોઇ પણ વાલીએ સને ૨૦૨૪-૨૫ના વર્ષ માટે વચગાળાના હુકમ કરતાં શાળાના માન્ય કરેલ ફી મુજબની વધુ રકમ વસુલ કરેલી હશે તો અન્ય ક્વાટરમાં આ હુકમ બાદ મજરે આપવાની રહેશે.

૫) ફી નિયમન સમિતિ ધ્વારા સને ૨૦૨૪-૨૫ ના વર્ષની નક્કી કરેલી ફીના ૫ ટકા રકમનો વધારો સને ૨૦૨૫-૨૬ તેમજ સને ૨૦૨૫-૨૬ ની નક્કી કરેલી ફીના ૫ ટકાનો વધારો સને ૨૦૨૬-૨૭ ના વર્ષમાં લઇ શકશે.

૬) અરજદાર શાળા વચગાળાના હુકમ મુજબની ફી કરતાં વધુ ફી વસુલ કરી શકશે નહિ. કોઇ સંજોગોમાં વચગાળાના હુકમમાં ફેરફાર થાય અથવા ફી રીવીઝન કમિટીના હુકમમાં ફેરફાર થાય ત્યારે જે હુકમ જે તારીખે થયો હોય તેના બીજા ક્વાટરમાં હુકમ મુજબ ફીમાં ફેરફાર કરવાનો રહેશે તે સિવાય ફી નિયમન સમિતિએ કરેલા હુકમ મુજબની જ ફી શાળાએ વિદ્યાર્થી પાસેથી વસુલ કરવાની રહેશે અને આ હુકમનો અનાદર કરવામાં આવશે ત્યારે શાળા વિરૂધ્ધ ફી નિયમન અધિનિયમની જોગવાઇઓ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૭) અરજદાર શાળાએ વચગાળાના હુકમથી નારાજ હોય તો તેઓએ દિન-૭ માં ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ કારણો સહીતની લેખિતમાં રીવ્યુ અરજી કરવાની રહેશે. જો અરજદાર શાળા વચગાળાના હુકમ વિરૂધ્ધ નક્કી કરેલી સમય મર્યાદામાં રીવ્યુ અરજી કરવામાં નિષ્ફળ જાય ત્યારે વચગાળાનો કરેલો હુકમ આખરી અને નિર્ણાયક ગણવામાં આવશે.

૮) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ની ફી નિયમન સમિતિ, વડોદરા ધ્વારા નક્કી કરવામાં આવેલી ફી શાળાના નોટીસ બોર્ડ ઉપર તેમજ શાળાની વેબસાઇટ ઉપર અંગ્રેજી તેમજ ગુજરાતીમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

આજ તા:-૨૯ માહે નવેમ્બર સને ૨૦૨૪.

સ્થળ :- વડોદરા.

ફી નિયમન સમિતિ વડોદરા વિભાગ,વડોદરાના તા.૨૯/૧૧/૨૦૨૪ ના આદેશાનુંસાર

(આર.આર.વ્યાસ)
ચીફ કો-ઓર્ડીનેટર
ફી નિયમન સમિતિ
વડોદરા વિભાગ,વડોદરા.

પ્રતિ,આચાર્ય/સંચાલકશ્રી, વાસંતીબેન એન્ડ ચંદુભાઇ પટેલ ઇંગ્લીશ સ્કૂલ (CBSE) (અંગ્રેજી માધ્યમ), ભાઇકાકા સ્ટેચ્યુ પાસે, એ.વી. રોડ, વલ્લભ વિદ્યાનગર, જી.આણંદ-૩૮૮૧૨૦....

નકલ રવાના:- મુખ્ય સંયોજકશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી,વડોદરા તરફ જાણ તથા અમલ થવા સારૂ.